# સ્વપ્નોનાં શ્વેત શૃંગે

સનત્કુમાર ગોખલેએ મલાડની ચાલના એમના ઘરના રસોડાનું બારણું બંધ કર્યું. ફોનનું રિસીવર નીચે મૂક્યું. વાસંતી અને પીટર વોંગ ઊભાં રહ્યાં. સનત્કુમાર એક ક્ષણ પીટર વોંગને જોઈ રહ્યા. પીટર વોંગ એ વધેલી દાઢીવાળા, બંડી-ધોતિયું પહેરેલા ભારતીયોને જોઈ રહ્યો. સનત્કુમારે સહેજ અચકાઈને પાણિયારા તરફ પગ માંડ્યા. પીટર વોંગ આંખો ફાડીને જોઈ રહ્યો. સનત્કુમારે પગ વડે કંઈક ચાંપ દબાવી, અને ચોકડી પાસેની જમીન ખસી. નીચે પગથિયાં દેખાયાં. વાસંતીએ પીટર વોંગને ઇશારો કર્યો અને ત્રણે નીચે ઊતર્યાં.

"આ છે ભારતની જાસૂસી સંસ્થા 'નિગમ'ની હેડ ઓફિસ." સનત્કુમારે વોંગને નીચેનો ખંડ બતાવ્યો. ભીંતની બીજી તરફ બાલમંદિર ચાલતું હતું. આ તરફથી બંધ બારણાં દેખાતાં હતાં. એ બારણાં બહાર બીજી ગલીમાં ખૂલતાં

પીટર વોંગે ખંડમાં નજર ફેરવી. અત્યંત આધુનિક ફર્નિચર, કમ્પ્યૂટર અને ચારેક માણસો.

"આ બધા તમારા ઘરમાં થઈને આવે છે?" પીટરે પૂછ્યું. "ના, આ બારણેથી. આ જગ્યા બહારથી ગોડાઉન હોય એવો દેખાવ છે. આ લોકો માલ ઉતારવા, લઈ જવા આવે છે." સનત્કુમારે કહ્યું.

"અને આ સનત્કુમાર ગોખલે છે. 'નિગમ'ના કર્તાહર્તા." વાસંતીએ કહ્યું. પીટર સનત્કુમારને ધારીધારીને જોવા લાગ્યો. નેવું કરોડની વસતીવાળા દેશ ભારતવર્ષની જાસૂસી સંસ્થાનો વડો એની સામે ઉઘાડા પગે, પોતડી પહેરીને ઊભો છે.

"આ કમ્પ્યૂટર રૂમ છે. બાજુમાં રેડિયો અને ટેલિવિઝનના ખંડો છે. દીવાલો સાઉન્ડપ્રૂફ છે."

"ડો. કામદાર ક્યાં છે?"

"એમને પણ મળાશે."

"મને અહીંયાં કેમ લાવ્યા છો?"

“તમને રાજ્યાશ્રય જોઈએ છે. એની કિંમત વસૂલ કરવા.” પીટર વોંગ જોઈ રહ્યો.

“આ ચાર જણ કમ્પ્યૂટરના નિષ્ણાતો છે. તમારે એમની સાથે કામ કરવાનું થશે.” સનત્કુમારે કહ્યું.

“શું કામ?”

“ભારતનાં તમામ પોલીસ ખાતાં સાથે આ કમ્પ્યૂટરો જોડેલાં છે. એમાં ભારત આવતા વિદેશીઓ વિષેની માહિતી દર કલાકે દર્જ થાય છે. એ જ રીતે વિદેશોમાં વસતા ભારતીયો વિષેની માહિતી અમારા વિદેશી મથકો ઉપરથી આવે છે.”

“તો?”

“એ બધું સાંકળી, દરેક વિદેશીની હિલચાલની પદ્ધતિસરની નોંધ થાય છે.”

“અને?”

“તમારે એક વસ્તુ શોધવાની છે.”

“અને તે શી?”

“અમારી માહિતી પ્રમાણે ‘ધ સ્ટેજ’નું સંચાલન ભારતમાંથી થાય છે.” સનત્કુમારે કહ્યું.

પીટર વોંગ વીજળી પડી હોય એ રીતે જોઈ રહ્યો.

સનત્કુમારે સહેજ વાર પછી ઉમેર્યું, “એટલે હવે કામ વધુ વિકટ બને છે. તમારે એ સંચાલન ક્યાંથી થાય છે તે શોધવાનું છે.”

“કઈ રીતે?”

“એની રીત પણ તમારે જ શોધવાની છે. બદલામાં ભારત સરકાર તમને આશ્રય આપશે અને રક્ષણ આપશે.”

“હું એ ન કરું તો?”

એનો ઉત્તર કોઈએ ન આપ્યો.

પીટર વોંગે એકદમ દૃઢતાથી માથું ધુણાવ્યું. એકદમ શાંતિથી એણે કહ્યું, “તમે મારી માગણી સમજ્યા નહીં.”

“કઈ રીતે?”

“હું અમેરિકાથી ભાગી આવ્યો હતો એમ માનીને કે ‘ધ સ્ટેજ’ ત્યાંથી ચાલે છે અને મને ત્યાં ખતમ કરવામાં આવશે. ભારતને સલામત જગ્યા માની હું અહીં આવ્યો હતો.”

“અને હવે?”

“પણ હવે તો... તમે સમજતાં કેમ નથી, આખી વાત બદલાય છે. જેનાથી બચવા હું અહીં આવ્યો, એનું તો આ મથક છે! મને અમેરિકામાં હતું એથી મોટું જોખમ તો અહીં છે?”

સનત્કુમાર હસ્યા. "તમને બંને દેશમાં જોખમ છે, પણ ત્યાં રક્ષણ નથી. અહીં અમારું રક્ષણ છે."

પીટર વોંગ ખુરશી ઉપર બેસી પડ્યો.

•

પ્રા. જવાહર પદકી અને ડો. કામદાર કેટલીય વાર સુધી ચૂપચાપ બેઠા રહ્યા. આખરે જવાહરે પૂછ્યું, "તું શું કરી બેઠો છે, કિરણ, શું કહું."

ડો. કામદારે સહેજ એમની તરફ જોયું. પૃચ્છાની મુદ્રા બતાવતી ત્રણ કરચલી એમના કપાળે પડી.

"છેલ્લા થોડા સમયથી એક સ્ત્રીનો પરિચય થયો છે. કમલા ભાર્ગવ."

કિરણના હોઠ ઉપર રમૂજ તરી આવી.

"કમલા પરણેલી છે." જવાહરે કહ્યું.

કિરણના હોઠ ઉપર તરતી રમૂજ એકદમ આખા ચહેરા ઉપર ફેલાઈ ગઈ.

"અને મારા કરતાં આઠ વર્ષ મોટી છે."

કિરણ હસવું ખાળી શક્યો નહીં. જવાહરે પણ સહેજ હસી લીધું અને પછી વાત આગળ કરી.

"ઘણી વાર એવું નથી બનતું કે કોઈને જોતાંવેંત જાણે આપણા તન-મનમાં કંઈ અજબ સળવળાટ થઈ જાય. જાણે લાગે કે આ વ્યક્તિ..." જવાહર બોલતાં અટકી ગયો.

કિરણ હોઠ ભીડીને હસતો હતો. હસવાને કારણે એનું માથું ડોલતું હતું. એ જોઈને જવાહરે વાત અટકાવી દીધી. કિરણે કંઈ કહેવા પ્રયત્ન કર્યો, પણ હસવાના વેગમાં કહી શક્યો નહીં થોડી વાર બન્ને હસતા રહ્યા. કિરણે જવાહરના સફેદ પોશાકને ફરી જરા ધ્યાનથી જોયો.

"કમલાબહેન ખાદી પહેરે છે?"

"હા, તું ઓળખે છે?"

"ના, હું તને ઓળખું છું." અને તે પછી કિરણને એટલું બધું હસવું આવ્યું કે એ ઊભો થઈ ગયો.

બંને મિત્રો ચાલવા નીકળ્યા.

•

કમલા ભાર્ગવના પતિ હતા ગિરિજાશંકર ભાર્ગવ. જી. એસ. ભાર્ગવ. જાણીતા ભાર્ગવ ગ્રુપના કર્તાહર્તા. જૂટ, કોટન, ટી, કોલ, ટીંબર, સ્ટીલ, ન્યૂઝપેપર્સ, હેવી ઇન્ડસ્ટ્રીઝ, હોટેલ ચેઇન્સ...

જવાહર પદકીએ એમના ગ્રુપ માટે 'ભાર્ગવનગર'ની યોજના કરી હતી, આખું ભાર્ગવનગર

એમના પ્લાન્સ પર બન્યું હતું. એ બન્યું ત્યારે છાપાંઓએ એને 'છોટા ચંડીગઢ' એવું માનભર્યું નામ આપ્યું હતું. એ ઉપરાંત ભાર્ગવકુટુંબના થોડા બંગલાઓ પણ જવાહર પદકીએ ડિઝાઇન કરેલા. ભાર્ગવકુટુંબની ખ્યાતિ કેવળ પૈસાદાર તરીકે જ નહીં, પણ કલાપારખુ તરીકે પણ વ્યાપક હતી. એવું કહેવાતું કે ભાર્ગવની કોઈ પણ ફર્મમાં એક વાર નોકરી મળી એટલે જીવનનો બેડો પાર થઈ જાય. એમને ત્યાં ક્યારેય હડતાલ કે લોક-આઉટ ન થતા. અને એમને ત્યાંથી ક્યારેય રિટ્રેંચમેન્ટ ન થતું. નોકરી કરનારને રહેવા ઘર મળતાં, મેડિકલ ડેન્ટલ વીમાઓ મળતા, અને રિટાયર થયા પછી એમનાં પુત્ર-પુત્રીઓને પણ એમાં જ કામ પ્રાપ્ય થતું.

ભાર્ગવ ગ્રુપે અપંગો, વિધવાઓ અને અનાથોને નોકરી આપવામાં પહેલ કરી હતી, એટલે ટૂંકમાં મકાન કે નગરના પ્લાન બનાવડાવવાનું જવાહર પદકી જેવા વિશ્વવિખ્યાત આર્કિટેક્ટને ભાર્ગવ ગ્રુપ સોંપે એ સ્વીકાર્ય વાત હતી.

પણ આ બધા સમય દરમિયાન, જવાહર પદકીએ સહેજ રંજ સાથે ઉમેર્યું કે એમને કમલા સાથે કામ પડ્યું નહોતું. અચાનક થોડા સમય પહેલાં એમને એમનું તેડું આવ્યું. કમલા ભાર્ગવને એક નગર વસાવવું હતું, 'ભારતનગર'.

•

કમલા ભાર્ગવની 'ભારતનગર'ની યોજના વિષે વધુ વિગતોની ચર્ચા કરતાં પહેલાં કથામાં વિશ્વની આર્થિક ચોપાટમાં થતી, થયેલી કેટલીક હારજીતની વાત અનિવાર્ય બને છે. આંતરરાષ્ટ્રીય અર્થતંત્રમાં બ્રિટિશ પાઉન્ડની સર્વોપરિતા દાયકાઓથી અમેરિકન ડોલરે લઈ લીધેલી. વીસમી સદીના આઠમા દશકમાં, ૧૯૮૦થી ૧૯૮૯ દરમિયાન અમેરિકાની અર્થનીતિએ તીખો વળાંક લીધેલો. રાતોરાત જાણે કે અમેરિકન ડોલરનું મૂલ્ય અનેક ગણું વધી ગયેલું. મેક્સિકોના વીસ પેસોનો એક ડોલર મળતો એના સ્થાને અઢીસો પેસો થયેલા. બ્રિટનના એક પાઉન્ડના અઢી ડોલર મળતા એને સ્થાને સવા ડોલર થઈ ગયેલો, ભારતના આઠ રૂપિયાનો ડોલર તેર રૂપિયા સુધી પહોંચી ગયેલો અને દિવસે-દિવસે ડોલર મોંઘો ને મોંઘો થતો જતો હતો.

હોંગકોંગની બ્રિટિશ કોલોનીનું લીઝ પૂરું થાય ત્યારે હોંગકોંગ સામ્યવાદી ચીનના હાથમાં સોંપી દેવાના કરાર થતાં હોંગકોંગમાંથી તવંગર ચીના કબીલાઓ જહાજો ભરીભરીને અમેરિકામાં ધન રોકવા લાગ્યા, સરકારની આર્થિક નીતિને કારણે અનેક રીતે દબાયેલા અનેક વેપારધંધા એકાએક ફૂલ્યા-ફાલ્યા.

પણ એ આખી યોજનાને એક કડવી ધાર હતી. ડોલરના વધતા ભાવને કારણે અમેરિકાનો એક્સપોર્ટ મોંઘો થતો હતો અને તેથી ઓછો થતો હતો. પરિણામે જાપાન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી વગેરે દેશોના માલ અમેરિકામાં સસ્તા મળતા હતા. એ ચક્ર એવું ચાલ્યું હતું કે ફ્રાન્સના ઉમદા શરાબ અમેરિકન શરાબોથી સસ્તા થયા હતા અને જાપાન-જર્મનીની ફાંકડી મોટરગાડીઓ અમેરિકન ગાડીઓ કરતાં સસ્તી થઈ હતી. અમેરિકાના ઉદ્યોગોના એક્સપોર્ટ તો ઓછા થયા જ હતા. વધુમાં ખુદ અમેરિકામાં જ અમેરિકાનો માલ વેચાતો અટક્યો હતો

અને ઉદ્યોગોમાં મોટા પાયે મજૂરો, કામદારોને છૂટા કરાતા હતા. બેકારી વધતી જતી હતી.

એટલે આખરે અમેરિકાની સરકારને જાપાન, જર્મની વગેરે દેશોના અર્થમંત્રીઓને મળી ડોલરને ડીવેલ્યૂ કરી એની કિંમત ઘટાડવા પગલાં લેવાં પડેલાં અને આસમાને ચડેલો અમેરિકન ડોલર ફરી ગબડવા માંડ્યો હતો. આવું પહેલાં બન્યું હોત તો ભારતનો રૂપિયો પણ સસ્તો કરવાની ફરજ ભારતને પડે તે અનિવાર્ય હતું. પણ સંયોગથી ભારતનું અર્થતંત્ર છેલ્લાં પચાસ વર્ષમાં પ્રથમ વાર સબળ બન્યું હતું. અમેરિકા, ઇંગ્લેન્ડ, કેનેડા અને આરબ દેશોમાં વસતા ભારતીયોએ વિદેશી મુદ્રાઓની નહેરો ખોલી આપી હતી. અને ભારતમાં ફોરેન એક્સચેન્જની તંગી પ્રથમ વાર દૂર થઈ હતી. ઠેરઠેર નિત્ય નવા ઉદ્યોગ સ્થપાતાં સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર શેરબજારમાં ગજબનાક તેજી આવી હતી. સામાન્ય મધ્યમવર્ગના માણસો પહેલાં જેટલા રસથી ક્રિકેટના સ્કોરની વાત કરતાં, એટલા જોરશોરથી હવે શેરના ભાવની વાત કરતાં થયાં હતાં, વિદેશમાંથી અનેક ભારતીયોએ ભારતની ઇકોનોમીમાં પહેલી વાર વિશ્વાસ બેસતાં ઢગલેઢગલા નાણાંનું રોકાણ કર્યું હતું.

સ્વતંત્ર ભારત પ્રથમ વાર અન્ન આયાત કરવાને બદલે નિકાસ કરતું હતું અને ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટની મધરાતે ભારતની વસતીનો એક ટકો મધ્યમ વર્ગમાં ગણાતો એના સ્થાને ઇતિહાસમાં પ્રથમ વાર ૭૦ ટકા ભારતીય કુટુંબો મધ્યમ વર્ગમાં પ્રવેશ્યાં હતાં. ટેલિવિઝન, વીડિયો, કમ્પ્યૂટર અને અવકાશયાત્રાનાં નવાં દ્વાર ખૂલતાં લાખો નવા નાનામોટા ઉદ્યોગો શરૂ થયા હતા અને ઇતિહાસમાં પ્રથમ વાર બેકારીનું પ્રમાણ ઘટતું હતું. નિરક્ષરતા ઘટતી ચાલતાં ભારતીય ભાષામાં પ્રકટ થતાં છાપાં-સામયિકોની સંખ્યા ગગનચુંબી થતી જતી હતી. અને ભારતનો નાગરિક પહેલી વાર ભારતમાં રહેતો હોવાનો ગર્વ કરતો થયો હતો.

એક સમય એવો હતો કે ભારતમાંથી અમેરિકાની કોન્સુલેટ ઓફિસની બહાર અમેરિકા જવા ઇચ્છતા લોકોની ફર્લાંગો લાંબી કતારો રાતની રાત જાગી નંબર સાચવતી હતી. કાળક્રમે હવે એ કોન્સુલેટોમાં અઠવાડિયે ગણ્યાગાંઠ્યા મુલાકાતીઓ કે વેપારી દેખાતા.

એક જમાનામાં ભારતના તાર-ટપાલ-ટેલિફોનની આબરૂ નહોતી. ભારતના ટેલિફોન માટે કહેવાતું કે લોટરીનો નંબર લાગવો સહેલો હતો, પણ ફોનનો નંબર લાગવો મુશ્કેલ હતો. એના સ્થાને હવે દેશના ખૂણેખૂણે ફોન થઈ ગયા હતા અને કમ્પ્યૂટરાઇઝ્ડ ઓટોમેટિક ડાયલિંગ તથા ઉપગ્રહોની મદદથી જગતના ખૂણેખૂણે આસાનીથી ફોન કરી શકાતો હતો. રેલવેનાં રિઝર્વેશન્સની જરૂરત પૂરી થઈ હતી, કારણ કે હવે કાયમ જગ્યા પ્રાપ્ય હતી. મોટર કે સ્કૂટર માટેનાં વેઇટિંગ લિસ્ટ ભુલાઈ ગયાં હતાં અને હવે વાહનો ખરીદનારને સામેથી બોનસ અપાતું હતું.

ઈ.સ. ૧૯૯૦માં અચાનક મુંબઈના અખાતમાં, ઓરિસા, આસામ અને ગુજરાતમાં પેટ્રોલિયમ માટેની શોધ સફળ થઈ હતી અને ઇતિહાસમાં પ્રથમ વાર ભારતને પેટ્રોલ, કેરોસીન બહારથી આયાત કરવાની જરૂર રહી નહોતી.

એટલે અમેરિકન ડોલરના ભાવ પડવાની સાથે રૂપિયાના ભાવ પડવાની જરૂર ઊભી થઈ

નહોતી. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર ભારતના લોકો, ભારતના ઉદ્યોગો અને ભારતની સમૃદ્ધિ વિષે જગતની પ્રજાઓને આદર ઊભો થયો હતો.

બીજા વિશ્વયુદ્ધ પછી જાપાન પાસે લશ્કરો કે શસ્ત્રો નજીવાં હતાં છતાં પુરુષાર્થથી માત્ર ચાલીસ વર્ષમાં જાપાન વિશ્વસત્તા તરીકે પંકાતું થયેલું. એ જ રીતે સ્વાતંત્ર્ય મળ્યા પછી અનેક ભાષાઓ, અનેક ધર્મો અને અનેક આફતો આવ્યા છતાં આખરે ભારત માત્ર પચાસ વર્ષમાં પોતાના પગ પર ઊભું રહી ફરી જીવવાલાયક સ્થળ બન્યું હતું.

એનું એક મુખ્ય કારણ હતું એની જનતા. ભારતની મોટામાં મોટી મૂડી હતી એના લોકોનાં મગજ. ભારતની વસતી એક સમયે એની કમર તોડતી હતી, એ જ વસતી એના પેટમાં અનાજ જતાં એના હાથ અને મગજથી કામ લેતી થયેલી.

ડો. કામદારનું સ્વપ્ન હતું જાગૃતિની એ ચિનગારી ફેલાવવાનું. દિવસ ને રાત એ પોતાનાં કમ્પ્યૂટર સાથે અનેક રીતે રમ્યા કરતા અને રહેંસાતી, પીડાતી વસતીના સ્થાને વિચારતી, કામ કરતી જનતા બનાવવાના ઉપાયો યોજ્યા કરતા. અને એ પરિવર્તનોની પાછળ પોતાનો કશોય હાથ છે તે બિલકુલ ક્યાંય જાહેર ન થાય એની સાવચેતી રાખતા.

ડો. કામદારનું એ સ્વપ્ન ફળીભૂત થતાં પહેલાં બનેલી ઘટનાઓ, એ સ્વપ્ન પૂરું ન થાય એ માટે રચાતી અનેક જાસૂસી જાળો અને એમના જીવનમાં આવતી વ્યક્તિઓનાં પલટાતાં ભાગ્યો, એમના મિત્રોનાં જીવનમાં એમના કારણે આવતી હોનારતોની એક કથા રચાય, ભૂતકાળમાં એ કથા કહેવાય એ સિદ્ધ કરવાનો એમનો છેલ્લો પ્રયોગ હતો. આ કથા એ પ્રયોગનું પરિણામ છે.

•

આટલી માહિતી પછી ફરી કથામાં ડો. કિરણ કામદાર અને એમના મિત્ર પ્રા. જવાહર પદકીએ કલ્પતરુની ગલીઓમાં ફરતાં-ફરતાં કરેલી કમલા ભાર્ગવ અને કમલા ભાર્ગવની ભારતનગરની યોજનાની વાત આગળ કહેવાશે.

•

કમલા ભાર્ગવની યોજના ભારતના એ સુવર્ણ દશકની વચ્ચે ક્યાંક થઈ હતી. કમલા ભાર્ગવને ભારતનગરમાં એક અજબ વસ્તુ ઊભી કરવી હતી. કમલા ભાર્ગવની યોજના હતી, એક જંગી અનાથાશ્રમ બનાવવાની. દેશભરમાંથી અનાથ બાળકો લાવી એ ભારતનગરમાં ઉછેરવા માગતાં હતાં. એમની ઇચ્છા હતી, એ અનાથોને ઉત્તમ ભરણપોષણ આપી ઉત્તમ નાગરિકો બનાવવાની. એ માટે એમને જગતમાં ક્યાંયે ન હોય એવું એક નગર રચવું છે. એ નગર આવતી સદીનું નગર હશે. દુનિયામાં સૌથી વધુ આધુનિક, ફ્યૂચરિસ્ટિક નગર હશે. એમાં દુનિયાની છેલ્લામાં છેલ્લી સગવડ હશે. એમાં રહેનારાને જગતનું શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થશે. એમનાં કુમળાં મનને, એમનાં અનાથ શરીરોને ઓલિમ્પિક ખેલાડીઓની જેમ ટ્રેઇન કરવામાં આવશે. અને એવા નગરની રચના કરવા એમણે વિશ્વવિખ્યાત આર્કિટેક્ટ જવાહર પદકીને પસંદ કર્યા છે.

વાત પૂરી કરી જવાહરે કારણ વિના ખોંખારો ખાધો. પછી એમની શૈલી પ્રમાણે બત્રીસેબત્રીસ દાંત બતાવી હસી પડ્યા.

કિરણે કંઈ ઉત્તર ન આપ્યો. એને ખ્યાલ હતો કે જવાહર કંઈક 'દિલની' વાત કહેવા ઇચ્છે છે અને એટલે કંઈ પણ બોલી એની વાતથી ઊભું થયેલું વાતાવરણ એ તોડવા માગતો નહોતો. "અમારે ઘણી વાર મળવાનું થયું છે." જવાહરે કહ્યું.

"એ સ્ત્રીની સૂઝ, એની બુદ્ધિ, એની પ્રતિભા... શું કહું કિરણ, એની હાજરીમાં આપણને આપણો જન્મ સફળ થયો લાગે." જવાહર થોડી વાર ચૂપ રહ્યો. "એ સ્ત્રીએ મારા મનમાં કંઈક અજબ અસર કરી છે. ઘણી વાર એની વાત સાંભળું છું ત્યારે કંઈક દૈવીવાણી સાંભળતો હોઉં એવો ભાસ થાય છે. અને એને મળીને આવું છું ત્યારે કંઈ તીર્થ કરીને આવ્યો હોઉં એવો ભાવ થાય છે." જવાહરે કિરણ હસે છે કે કેમ તે જોવા એની તરફ જોયું.

કિરણ હસતો નહોતો. કિરણ એકદમ ઊંડા વિચારમાં પડી ગયો હતો. પાછા ફરતાં આખરે એ બોલ્યો :

"તેં કહ્યું કે તું શું કરી બેઠો છે, કિરણ! તો એવું હું શું કરી બેઠો છું?"

"કમલાનું કહેવું છે, કે ભારતનગરમાં વીજળી, ફોન અને કમ્પ્યૂટરનાં જોડાણ જોઈએ છે. મકાનોમાં વીજળીનાં જનરેટર જોઈએ છે. અગાશીઓમાં સનપેનલ્સ જોઈએ છે અને..."

જવાહરને વાત પૂરી કરવાની જરૂર ન લાગી. કિરણને સમજાયું કે કમલા ભાર્ગવને તે-તે બધા ઉપરાંત ભારતનગરની દીવાલોમાં 'માયાચક્ર' જોઈએ છે. કિરણ એ વાત સમજ્યો છે તે જવાહરે જોયું અને જવાહર બાળકની જેમ બત્રીસ દાંત બતાવી હસી પડ્યો.

•

એ રીતે આ પ્રકરણ પૂરું થાય છે. હવે પછીનાં પ્રકરણોમાં પીટર વોંગે 'નિગમ'નાં કમ્પ્યૂટરોને કઈ રીતે પ્રોગ્રામ કર્યાં, હોસ્પિટલમાં સારવાર લેતા અસગર કાચવાલાની સ્થિતિ શું થઈ, સીસીએમના કર્તાહર્તા ડો. હાનસેનની હત્યાનો પ્રયત્ન કોણે કર્યો, પ્રા. નિરંજન ભગતે ડો. ગોર્ડનની હત્યાનું રહસ્ય કઈ રીતે શોધ્યું, મેરી અને એના પ્રેમી જોનની જિંદગીએ શા વળાંક લીધા અને ડેવીડા ડેઝને એની શોધમાં સફળતા મળી કે નહીં એની વિગતો આવશે.

જવાહરની વાત સાંભળ્યા પછી કિરણે ફોનથી કલકત્તા જવા વિમાનનું રિઝર્વેશન કરાવ્યું. જવાહરે પૂછ્યું, "કેમ?"

"ચમન, હવે તું. તારા પછી હવે શાસ્ત્રીનો વારો છે. એમને કોને ખબર કઈ રીતે, કોણ મળીને શાની વાત કરશે."

"શાસ્ત્રીને?"

"પાણિનિનું રહસ્ય જાણવા."

જવાહર ગૂંચવાઈને કિરણને વાળ વીંખતો જોઈ રહ્યો.

# મનની મદિર નદીમાં

અસગર કાચવાલાએ આંખો ખોલી ત્યારે એક બંધ ઓરડામાં એ હતો. એને માથે પાટા હતા અને મગજમાં સખત ઘેન હતું. એણે જોયું તો વેશ્યાના મેકઅપવાળી એક સ્ત્રી એની સામે બેઠી હતી. પથારીમાંથી ઊભા થવાની કોશિશ કરી પણ ઘેનથી માથું પાછું નમી ગયું, એને ઘેનમાં અવાજ સંભળાયો.

"કાચવાલા... કાચવાલા..."

અસગર કાચવાલાએ જવાબ આપવા પ્રયત્ન કર્યો, પણ બોલાયું નહીં અને પછી એનું ભાન જતું રહ્યું.

•

સુલેમાન રોશન અલી પોતાના દવાખાનામાં દર્દીઓ તપાસે છે, છેલ્લા દિવસોના બનાવો, અસગર અલીની મુલાકાત, પત્નીની કબૂલાત અને દેશમાં ધોળા દિવસે પોતાની નજર સામે ચાલી રહેલી અનેકાનેક ભૂગર્ભ, કુત્સિત યોજનાઓ આ દેશને છિન્નભિન્ન કરવા, એના ટુકડા વહેંચી લેવા થતી રાક્ષસી સાજિશો, એ સાજિશોની એના અંગત જીવન પર થતી અસર, એના પોતાના દાંપત્યની એક અજાણ રહસ્યમય બાબત, આ બધું એ ખંતીલા દાક્તર માટે એટલું બધું પીડાકારક હતું કે દર્દીઓની ફરિયાદોમાંથી ઘણી વાર વચ્ચે-વચ્ચે ધ્યાન ચાલ્યું જતું હતું.

કેવળ એક જ વર્ષ પહેલાં દાક્તર સુલેમાનની જિંદગી એક સરિયામ પાટે જઈ રહી હતી. ખાંસી, વાયુ, ઉધરસ, તાવ, મલેરિયા અને એવા સીધાસાદા દૈનિક રોગો માટે શીશીઓ, ટીકડીઓ, ઇન્જેક્શનો. હલાવીને પીજો. જરાક આરામ કરજો. કસરત કરજો. સૂતાં પહેલાં લેજો. જરાય નહીં દુઃખે. જીભ કાઢો. ઊંડો શ્વાસ લો. મટી જશે. અચાનક આજે ધર્મ, ક્રાન્તિ, જાસૂસી, લડાઈ, પત્ની, રહસ્ય અને કપટ જેવા શબ્દો મગજમાં ઘૂમરાતા હતા. દાક્તરનું શરીર વર્ષોની દૈનંદિની રીતે વરતતું હતું, એમનું મોં રોજનાં ભલામણનાં, શિખામણનાં, આશ્વાસનનાં વાક્યો બોલતું હતું. હાથ પ્રિસ્ક્રિપ્શન લખતા હતા, ઇન્જેક્શન દેતા હતા, દર્દીઓનાં પેટ

દબાવતા હતા અને છાતી પર ટકોરા મારતા હતા. એમના કાન સાંભળતા હતા અને આંખો પટપટતી હતી, પણ એમનું મન મરી ગયું હતું. એમણે એક દર્દીને માથામાં ઈંટ મારી જડબું તોડ્યું હતું એ વાતનો આત્મ-તિરસ્કાર એમના મનને વિષાદથી ભરી દેતો હતો. અને અજાણતાં જ અચાનક પોતે કોઈ બીજું માણસ હોય એવો ભાસ એમને થતો હતો.

આખી રાત વાસંતીએ કરેલી વાત પર વિચાર આવ્યા હતા. અસગર કાચવાલા બહુ બોલી શકતો નહોતો. વાસંતીએ એની સાથે ત્રણચાર કલાક ગાળ્યા હતા. કાચવાલા એટલો બધો ગભરાઈ ઊઠેલો કે એણે પટપટ બધી માહિતી આપવા તૈયારી બતાવેલી. પાટી ઉપર લખીને એણે વેશ્યાના મેકઅપમાં સામે બેઠેલી વાસંતીને સડસડાટ બધી વિગતો આપી હતી.

એક પદ્ધતિસરની ચળવળ ચાલતી હતી. દેશમાંના ધર્મભાઈઓને સંગઠિત કરી એક નિયત સમયે એક જબરદસ્ત ધાર્મિક હુલ્લડ થવાનું હતું. એ જ સમયે ઉત્તરથી અને પૂર્વથી વિદેશી હુમલાઓ થવાના હતા. એ માટે શસ્ત્રો અને ભાંગફોડની તાલીમ ખાનગીમાં અપાતી હતી. એક વ્યવસ્થિત લશ્કરની જેમ આ ચળવળમાં પણ પાયરીઓ બની હતી. સૈનિક, પછી કેપ્ટન, પછી કર્નલ અને એવું બધું. આ દેશમાં એવા ધર્મયોદ્ધાઓની સંખ્યા કેટલી હતી, એમનાં મથક ક્યાં-ક્યાં હતાં, એના મુખ્ય કાર્યકર્તા કોણ-કોણ હતા, એ બધી વિગતો કાચવાલાએ તત્પરતાથી આપી હતી. આખી વાતની વિચિત્રતા એ હતી કે એ આખું ષડ્યંત્ર અત્યંત ભોળું લાગતું હતું. કોઈ શેખચલ્લીના વિચારો જેવું, પણ તેમ છતાં અત્યંત કરપીણ અને ભયાવહ. દાક્તર સુલેમાન રોશન અલીએ એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો.

•

સનત્કુમારે વાસંતીનો રિપોર્ટ વાંચી, વાંસાની અળાઈઓ ઉપર ચળ કરી. જરૂરી જગ્યાએ હાથ પહોંચતો નહોતો એટલે એક ફૂટપટ્ટીથી ખંજવાળી જોયું પણ અવળા હાથે ફૂટપટ્ટી ઉપર જરૂરી કન્ટ્રોલ રહેતો નહોતો અને ફૂટપટ્ટી આડીઅવળી ફરતી હતી. સનત્કુમારે ખુરશીની પીઠ ઉપર વાંસો ઘસી જોયો, પણ ખુરશીની પીઠ લીસ્સી હતી એટલે ચળ થતી નહોતી. સનત્કુમાર 'નિગમ'ની ગુપ્ત ઓફિસમાં બેઠા હતા. ચારે તરફ કમ્પ્યૂટરનાં કાગળિયાં લટકતાં હતાં. એક ખુરશી પર વોંગ ટેબલ પર માથું ઢાળીને ઊંઘી ગયો હતો. વાસંતી એમની સામે અદબ વાળીને બેઠી હતી.

"હવે મને એમ કહો કે હું ક્યારે રિટાયર થઈ શકું." વાસંતીએ કહ્યું. સનત્કુમારને શું કહેવું તે સમજાયું નહીં. વાસંતી ઘણા સમયથી 'નિગમ'માંથી છૂટી થવા માગતી હતી. અનેક વાર એણે એ માગણી કરી હતી. લગ્ન પછી એ માગણી વધુ ને વધુ તીવ્ર થતી જતી હતી.

"ન્યૂ યોર્ક બ્યૂરો માટે કોઈ મળે એટલે તરત. બસ?" સનત્કુમારે આખરે ઉત્તર આપ્યો.

"અસગર કાચવાલાના રિપોર્ટ બાબત શું વિચારો છો?" વાસંતીએ પૂછ્યું. "સ્ટેજ હોઈ શકે?"

"કંઈક ગરબડ છે." સનત્કુમારે કહ્યું. "આખી વાત ઉપરથી કંઈક એવી છાપ પડે છે કે

અસગર કાચવાલા બહુ ભોળો માણસ છે. એ જે રીતે આવ્યો, જે રીતે એણે વાત કરી અને જે રીતે આ રિપોર્ટ આપ્યો તેના ઉપરથી આખી વાત બહુ કાચી લાગે છે."

"એટલે એ..." વાસંતી થોડી વાર ચૂપ રહી. પછી બોલી. "એટલે એની પાછળ જે છે તેની ગણતરી એવી છે કે આ વાત પકડાય?"

"હા. અસગરને ખબર નથી કે એને સુલેમાન પાસે જવાનું કહેવાયું તે ગણતરીપૂર્વકની ચાલ હતી. જેણે એને મોકલ્યો હશે એને ખ્યાલ હશે જ કે વાસંતી એ વાત જાણશે અને વાસંતી થકી ભારત સરકાર જાણશે."

"અને?"

"અને આખી વાત બહાર આવતાં જનતામાં ઝનૂન ફેલાશે અને હુલ્લડો થશે. એક કોમ સામે બીજી કોમનાં વેરઝેર વધશે અને હિંસા ફાટશે."

"ઇન્ટરપોલમાંથી કાંઈ?" વાસંતીએ પૂછ્યું.

"છેલ્લા રિપોર્ટ વોંગ પાસે છે અને એ સૂઈ ગયો છે." સનત્કુમારે ફરી એક વાર અળાઈઓને ચળ કરી જોવા વિચાર કર્યો. પછી જે વિચાર આવ્યો એનાથી એ ભુલાઈ ગયો. "કદાચ એવું ન હોય કે...?"

"શું?"

"એક કોમને ઝનૂનથી બીજી કોમ દબાવી દે એવી મુરાદથી એક કોમ પાસે આવું ભોળું ષડ્યંત્ર કરાવવાની યોજના ઘડાઈ હોય? વાસંતીએ આંખો ઝીણી કરી એ વાત સમજવા પ્રયત્ન કર્યો.

"એક કોમને ઉશ્કેરી નિષ્ફળ જ જાય એવું ષડ્યંત્ર ગોઠવાય. અને તેથી એ કોમ અળખામણી થાય અને બીજી કોમ ઉશ્કેરાય – ઉશ્કેરાટથી પહેલી કોમને બળપૂર્વક દબાવી દે."

"કોમ – કોમ – કોમ" વાસંતી જાણે મનોમન બોલી.

"ધર્મ – ધર્મ – ધર્મ."

•

"ઇન્ટરપોલ શું છે?" પ્રા. ભગતે ડેવીડાને પૂછ્યું.

"ઇન્ટરપોલ એટલે ઇન્ટરનેશનલ પોલીસ." ડેવીડાએ કહ્યું, "દુનિયાના એકસો આડત્રીસ દેશોનાં પોલીસ ખાતાંઓનું સહિયારું મંડળ છે. ૧૯૨૩માં એની સ્થાપના થઈ હતી. એમાં એ દેશો આંતરરાષ્ટ્રીય ગુનેગારો વિષે માહિતીની આપલે કરે છે. પેરિસમાં એની વડી કચેરી છે. એમાં અઢીસો-ત્રણસો અમલદારો કામ કરે છે."

"બસ?"

"એ અમલદારોની સુવાંગ કોઈ સત્તા નથી. એમનું કામ કેવળ એનાં સભ્ય પોલીસ ખાતાંઓને મદદ કરવાનું છે. એકસો આડત્રીસ દેશો એને મોટામોટા ગુનેગારોની ફિંગર-પ્રિન્ટ્સ અને

અન્ય માહિતી મોકલે છે. ૧૯૮૧માં રોમમાં નામદાર પોપ ઉપર ગોળીબાર કરનાર મોહમદ અલી આગા છે અને એના ઉપર તુર્કસ્તાનમાં ખૂન માટેનું વોરન્ટ જારી છે એવી માહિતી ઇન્ટરપોલે આપી હતી. ૧૯૮૩માં લાઇબેરીઆનો એક સરકારી અફસર સરકારી ખજાનામાંથી દસ લાખ ડોલર ચોરીને લાપતા થયેલો. તે અમેરિકામાં બીજા નામે સ્થાયી થયો છે એ ઇન્ટરપોલે પકડી પાડેલું."

"એ બધું કમ્પ્યૂટરથી?"

ડેવીડા હસી પડી.

"કેમ?"

"અત્યાર સુધી ઇન્ટરપોલ કાગળની ફાઈલોથી કામ લેતું હતું. ૧૯૨૩ના સમયમાં ચાલતી પુરાણી પ્રથા છેક હજી સુધી ચાલતી હતી, પણ છેલ્લાં વર્ષોમાં અનેક દેશોમાં અનેક જાતની ભાંગફોડની પ્રવૃત્તિઓ વધી ચાલી. અનેક જાતના ત્રાસવાદીઓ અનેક દિશામાં અનેક ગણી ઝડપથી ખૂન, બોમ્બમારો અને લૂંટફાટ કરવા માંડ્યા. ઇન્ટરપોલ ધારી ઝડપથી એનું કાર્ય કરી શકતી નહીં. ગુનેગારો કમ્પ્યૂટરથી ગુનાઓ કરતા. એની પાછળ કાગળની ફાઈલો, ઇન્ડેક્સ-કાર્ડ વગેરેથી પહોંચી વળાતું નહીં. આખરે ૧૯૮૬માં ઇન્ટરપોલના તમામ રેકોર્ડ્ઝ કમ્પ્યૂટરાઇઝ્ડ થયા." ડેવીડાએ કહ્યું અને પછી હસી પડી.

"એ બધું પાર પાડવામાં....?"

"સીસીએમ..." ડેવીડાએ કહ્યું. "એ અંગેનાં મહાકાય કમ્પ્યૂટર, એના પ્રોગ્રામો, એની વિધિઓ એ બધું ગોઠવી આપવામાં સીસીએમની મદદ લેવાયેલી. એ માટે ડો. ગોર્ડનને અનેક વાર પેરિસ જવું પડતું, ત્યાં જ એ માર્ટિન ગેરીબાલ્ડીને મળ્યા.

"માર્ટિન ગેરીબાલ્ડી કોણ?"

"આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ"

'ઇટાલિયન છે?"

ડેવીડાએ ડોકું હલાવી હા પાડી. "બીજા વિશ્વયુદ્ધ પછી ઇન્ટરપોલમાં રિઓર્ગેનાઇઝેશન થયું. ૧૯૪૬થી લગભગ ચાલીસ વર્ષ સુધી એનો કારભાર ફ્રેન્ચ અફસરોના જ હાથમાં રહેલો. એ પછી એના ઇતિહાસમાં પહેલી વાર સ્કોટલેન્ડ યાર્ડના એક અંગ્રેજ અમલદાર સેક્રેટરી જનરલ બન્યા. એમણે ફ્રેન્ચ અફસરોની જગ્યાએ ધીમેધીમે અન્ય દેશોના અફસર પણ દાખલ કર્યા. માર્ટિન એ રીતે આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ બન્યા."

પ્રા. ભગતને સમજાયું કે એમને ડો. ગોર્ડનના પત્રો રોમથી કેમ આવતા હતા.

"અત્યારે ઇન્ટરપોલ પાસે પહેલાં કરતાં લાખો ગણી માહિતી છે. એનું કાર્યક્ષેત્ર પણ બહુ મોટું થયું છે અને એણે ત્રાસવાદીઓ સામે ઝુંબેશ શરૂ કરી છે. મિનિટે-મિનિટે એમનાં કમ્પ્યૂટરોમાં નવી-નવી માહિતી દર્જ થાય છે. કદાચ ઇન્ટરપોલના કમ્પ્યૂટરમાં અત્યારે નોંધાઈ

રહ્યું છે કે એક ભારતીય કવિ ભારતથી અમેરિકા આવ્યા છે અને ડો. ગોર્ડનની પ્રેમિકા પાસે બેસીને મીઠીમીઠી વાતો કરે છે."

પ્રા. ભગત 'મીઠીમીઠી વાતો વિચારવા માંડ્યા.

•

"કોઈક યાંત્રિક ખામીને કારણે પ્લેનને થોડું મોડું થશે." એવી જાહેરાત કપ્તાને કરી. ડો. કામદાર મુંબઈથી કલકત્તા જતા પ્લેનમાં ગોઠવાઈ, પટ્ટો બાંધીને બેઠા હતા, તે એ જાહેરાત સાંભળી પટ્ટો છોડી ઊભા થયા અને ફરી બેઠા. થોડી વાર પછી બીજી જાહેરાત આવી.

"એક અગત્યની જાહેરાત. પ્લેનને બે-એક કલાક મોડું થશે. સૌ મુસાફરો કૃપા કરી બહાર નીકળી લાઉન્જમાં રાહ જુએ."

ડો. કામદાર બહાર આવ્યા. લાઉન્જમાં ગોઠવાયા. પછી ઊભા થઈ કઠેડામાંથી જોયું. અનેક માણસો વિચિત્ર બખ્તરો પહેરી, ચહેરા આડે મોટાં શીલ્ડ બાંધી પ્લેનમાં જતા હતા. એક હાથ એમના ખભે પડ્યો. ડો. કામદારે ચમકીને પાછળ જોયું. પીટર વોંગ એમને ભેટી પડ્યો.

બંને જણ પાછા લાઉન્જમાં બેઠા.

"શું થઈ રહ્યું છે એની કાંઈ સમજ પડતી નથી." પીટરે કહ્યું, "તું અહીંયાં?"

પીટરે માંડીને વાત કરી ડો. ગોર્ડનની, પોતાના રાજીનામાની, કલકત્તામાં પોતાના સગાની, સાર્જન્ટ શિન્દેની મુલાકાતની અને વાસંતી તથા ગોખલેની. "કોને ખબર કેમ, કોને ખબર કેટલા લોકો તમારા જાનની પાછળ પડ્યા છે, કિરણ!" વોંગે કહ્યું.

કિરણે એનો જવાબ આપવાની જરૂર જોઈ નહીં.

"તમારી ફ્લાઇટ મોડી કેમ થાય છે, જાણો છો?" વોંગે પૂછ્યું. ડો. કામદાર જોઈ રહ્યા.

"આ પ્લેનમાં બોમ્બ મુકાયેલો છે. તમને કલ્પતરુમાં મારી ન શક્યા. એટલે બહાર લાવી મારવા માગે છે."

બંને જણ થોડી વાર ચૂપચાપ બેઠા રહ્યા.

"તમે મારી સાથે આવશો?" વોંગે પૂછ્યું.

"ક્યાં?"

"જેલમાં."

"અત્યારે?"

"હા. પ્રો. શાસ્ત્રીને કોઈ ભય નથી. મારું માનો. તમારે કલકત્તા જવાની જરૂર નથી. તમે ધારતા હો એથી બહુ જુદું જ બધું ચાલી રહ્યું છે, ડો. કામદાર!"

"જેલમાં શા માટે?"

"ફ્લોરાને મળવા, ડો. કામદાર."

વિસ્મયથી ડો. કામદારે માથે હાથ ફેરવ્યો. બંને ઊભા થયા, બહાર આવી વાસંતીની બીએમડબ્લ્યૂ ગાડીમાં ગોઠવાયા. કંઈ પણ કહ્યા વિના ડ્રાઇવરે ગાડી ચાલુ કરી. ડ્રાઇવર સનત્કુમાર ગોખલે હતા.

•

આ પ્રકરણ પૂરું થતાં, હવે કથાનાં કેવળ ચાર પ્રકરણ બાકી રહે છે. કોઈ સ્વજનને વિદાય આપવાના દિવસ નજીક આવી રહ્યા હોય એવી લાગણી કથાકાર અનુભવે છે. સત્તા, લોભ, મદ, મોહ, મત્સર, ક્રૂરતા, કાવાદાવા અને ખૂનામરકીથી ભરેલી આ કથાનું અંતિમ બિંદુ નજીક આવી રહ્યાથી એક રાહતનો અનુભવ પણ કથાકારને થાય છે. આ કથા કહી રહ્યા પછી કથાકારના હોવાનું પ્રયોજન નહીં રહે એની એકલતાની આગાહી પણ કથાકારના મનની મદિર નદીના કિનારે સળવળે છે. કથા કહેવાશે, છપાશે, વંચાશે... તતઃ કિમ્ તતઃ કિમ્

ડો. કામદાર પોતાના જીવનના અંત વિષે વિચારે છે. ડો. કામદાર પોતાના હાથ સામે જુએ છે. જ્યાં સુધી એક બ્લેડથી આ હાથને કાપો મૂકીએ ત્યારે લોહી નીકળે છે ત્યાં સુધી આ દેહ. આખરે તો પશુનો દેહ રહેશે. જ્યાં સુધી એ પશુદેહધારી માણસો જગત પર રાજ કરશે ત્યાં સુધી સત્તા, લોભ, મદ, મોહ, મત્સર, ક્રૂરતા, કાવાદાવા જગત પર રાજ કરશે. દર્શકો, શતાબ્દીઓ, સહસ્રાબ્દીઓના પશુવંશના સંસ્કાર માણસના દેહમાં ગોઠવાયેલા મગજ-મન પરથી ભૂંસાશે નહીં. એ સંસ્કાર એક કે બીજા રૂપે, બીજા કે ત્રીજા નામે નવા ધર્મો, નવા વાદ, નવા વિવાદ પેદા કરશે. પશુવંશના માનવોની એ જ નિયતિ છે. એ જ ભવિષ્ય છે. ડો. કામદાર એટલે જ પોતાનો દેહ છોડવા ધારે છે. પોતાના દેહની જરૂરતો નહીં રહે તે પછી દેહની ખુદની જરૂરત નહીં રહે.

ડો. કામદારે પોતાના છેલ્લા શ્વાસ છોડવાની ઘડી નક્કી કરી લીધી છે. ડો. કામદારે કેવળ 'મન'રૂપે જીવવાનું નક્કી કરી લીધું છે. 'કલ્પતરુ'ની સૃષ્ટિ કર્યે કાર્ય પૂરું થવાનું નથી. ડો. કામદારનું કાર્ય ભવિષ્ય બદલવાનું છે. ભવિષ્ય બદલવા માટે ભૂતકાળ બદલવાનો છે. ભૂતકાળ બદલવા માટે ભૂતકાળનાં માણસોનાં મન બદલવાનાં છે.

'કલ્પતરુ' એ કેવળ કમ્પ્યૂટર નથી. એની કલ્પના કરનાર માણસોનાં મન તે 'કલ્પતરુ' છે. 'કલ્પતરુ' તે માણસના મનની 'કલ્પના' છે. માણસની કલ્પના બદલવા માટે ભૂતકાળના એક કલ્પનાશીલ માણસના મગજ ઉપર કબજો કરી એની કલ્પનામાં 'કલ્પતરુ' રોપવાનું છે. અને 'કલ્પતરુ'ની કથા વાટે સેંકડો, હજારો, લાખો 'કલ્પતરુ' રોપવાનાં છે. વિધાતાની કવિતાનો નવો મુસદ્દો ઘડવાનો છે. ભૂતકાળનો ક્રમ બદલી ભવિષ્યકાળમાં યથાર્થ 'કલ્પતરુ' રોપાય તે માટે ભૂમિ તૈયાર કરવાની છે. ડો. કામદારનું સ્વપ્ન એવું છે. એ સ્વપ્ન ભૂતકાળના એક માણસના કલ્પનાશીલ મગજ ઉપર કબજો કરે તે જરૂરી છે. એટલે રચાય છે, આપોઆપ, કમ્પ્યૂટરના સ્ક્રીન ઉપર આ કથા 'કલ્પતરુ'. અને ભૂતકાળનો એ કલ્પનાશીલ માણસ બનશે એનું છેલ્લું પાત્ર.

•

ડૉ. હાનસેને ઊભા થઈ મેરીને આવકાર આપ્યો. મેરી એમના મેજની સામે ગોઠવાઈ.

"સામ ગોર્ડન મારા ભાઈ સમાન હતો, મેરી." ડૉ. હાનસેને કહ્યું.

"મારે એમના મૃત્યુની સાચી હકીકત જાણવી છે." મેરીએ શાંતિથી કહ્યું.

"વિમાન-અકસ્માત, કેમ, તને કહ્યું નથી?"

" 'ધ સ્ટેજ' શું છે?"

ડૉ. હાનસેન ગંભીરતાથી જોઈ રહ્યા.

" 'ધ સ્ટેજ' વિષે તને કોણે કહ્યું?" એમણે પૂછ્યું.

"ડૉ. પેટરસન કોણ છે?" મેરીએ પૂછ્યું.

"ડૉ. પેટરસન? પર્સોનેલ ડાયરેક્ટર છે. કેમ તને તો ખબર જ છે ને?"

"તમે માનો છો કે મારા બાપાએ તમારો દ્રોહ કર્યો છે, ખરું ને?" મેરીએ કડવાશથી પૂછ્યું.

ડૉ. હાનસેને ઊંડો શ્વાસ લીધો.

"અને એટલે તમે વિમાન-અકસ્માતનું નાટક રચી એમનું ખૂન કર્યું છે, ખરું ને?"

થોડી વાર સુધી બંનેમાંથી કોઈ બોલ્યું નહીં.

"નિરંજન ભગત કોણ છે, જાણો છો?" મેરીએ પૂછ્યું.

"સામ ગોર્ડનના મિત્ર છે, ભારતથી અહીં આવ્યા છે. તારા પિતાની અંતિમક્રિયામાં હાજર હતા. મળ્યો છું?" ડૉ. હાનસેને શાંતિથી જણાવ્યું.

"અત્યારે મારી સાથે આવ્યા છે." મેરીએ કહ્યું.

"ક્યાં છે?"

'બહાર ગાડીમાં બેઠા છે."

"તો?"

"એમણે ખૂબ વિચારીને એક થિયરી બનાવી છે. મારા બાપાનું મૃત્યુ, એની પાછળ શાં-શાં ષડ્યંત્રો થયાં છે અને હવે શું થઈ શકે એ વિષે એમણે ઘણો વિચાર કર્યો છે. એ પોતાના વિચાર તમને કહેવા માગે છે. સાંભળશો?" મેરીએ પૂછ્યું.

ડૉ. હાનસેને ઇન્ટરકોમ ઉપર મેઇન ગેઇટના સિક્યોરિટી ગાર્ડને સૂચના આપી ગાડીમાંથી પ્રા. ભગતને લઈ આવવા જણાવ્યું. સિક્યોરિટી ગાર્ડે પ્રા. ભગતનાં કપડાં ફંફોળી જોયાં. "ઓ.કે."

પ્રા. ભગતે ડૉ. હાનસેનની કેબિનમાં પગ મૂક્યો ત્યારે મેરી ડૉ. હાનસેનની ટાઈમાં લગાડેલી સોનાની પિનને એકીટશે જોઈ રહી હતી.

અને આંખના પલકારામાં બધું બની ગયું. પ્રા. ભગતે આંખો ફાડીને જોયું કે બહાર ક્યાંક

સાયરન વાગી રહી હતી. મેરીએ પોતાની પર્સમાંથી એક પિસ્તોલ કાઢી ડો. હાનસેનની છાતીનું નિશાન લઈ ગોળી છોડી હતી. એમને મૂકવા આવેલા સિક્યોરિટી ગાર્ડે છલાંગ મારી ડો. હાનસેનને પછાડી દીધા હતા. ગોળી ભીંતમાં વાગી હતી.

ઊંઘમાંથી જાગી હોય એમ મેરીએ ચીસ પાડી, "ઓહ માય ગોડ!" પ્રા. ભગત, ડો. હાનસેન અને સિક્યોરિટી ગાર્ડ મેરી પાસે દોડી ગયા. પોતે શું કરી બેઠી છે એની એને પોતાને જાણ ન હોય એમ એકદમ અચંબાથી મેરી પિસ્તોલની નળીને જોઈ રહી. "ઓહ માય ગોડ! ઓહ માય ગોડ!"

# જાગીને જોઉં તો

ઈ.સ. ૧૯૮૫ના જાન્યુઆરી માસના એક શનિવારે રાત્રે અઢી વાગ્યે મુંબઈના એક ગૃહસ્થના દીવાનખાનામાં લીલા રંગના એક આઠ ફૂટિયા સોફા ઉપર લુંગી પહેરીને આડા પડેલા તે ગૃહસ્થની આંખો ઊઘડી ગઈ. રાત્રે અઢી વાગ્યે તે ગૃહસ્થને કોઈ ગેબી અવાજ સંભળાતો લાગ્યો. ચશ્માં પહેરીને ગૃહસ્થે જોયું તો એટલી મોડી રાત્રે એમના ટીવી ઉપર ચંદ્રકાન્ત બક્ષીનો ચહેરો તીખી આંખો કાઢી-કાઢીને કંઈક કહી રહ્યો હતો.

આટલી મોડી રાત્રે ટીવી ઉપર કંઈ હોય, ટીવી ખુલ્લું રહી ગયું હોય અને પોતે દીવાનખાનામાં સોફા ઉપર સૂઈ ગયા હોય તે બધી વાતો ગૃહસ્થને પોતાને ખૂબ નવાઈભરી લાગી. એથીય વધુ નવાઈ એ વાતની લાગી કે ટીવી ઉપર ખૂબ આવેશ અને ઉશ્કેરાટથી ક્રુદ્ધ સ્વરે વ્યાખ્યાન આપતો ચંદ્રકાન્ત બક્ષીનો ચહેરો ખૂબ જાણીતો હતો. ગૃહસ્થને ખ્યાલ આવ્યો કે તે ચહેરો એમણે અસંખ્ય વાર જોયો છે. ગાઢ નિદ્રામાંથી ઝબક્યા પછીની થોડીક બેખબર ક્ષણો પૂરી થતાં ગૃહસ્થને સમજાયું કે તે ચહેરો એમનો પોતાનો છે, કારણ કે તે ગૃહસ્થ ખુદ ચંદ્રકાન્ત બક્ષી હતા.

બક્ષી સફાળા બેઠા થઈ ગયા. ટીવી ઉપરનો ચહેરો તો એમને પોતાનો હતો, પણ પોતે આવું કોઈ વ્યાખ્યાન ટીવી ઉપર કે બીજે ક્યાંય આપ્યાનું બિલકુલ સ્મરણ નહોતું. ટીવી ઉપરના બક્ષીના શબ્દો, વિચારો આબાદ બક્ષીના હોય એવું ભાસતું હતું, પણ તે શબ્દો કે વિચારો બક્ષી ખરેખર બોલ્યા હોય એવું બન્યું નહોતું. એકદમ તાજ્જુબીથી બક્ષી ઊભા થઈ ગયા. એમણે ટીવીનું ડાયલ ફેરવી ચેનલો બદલી જોઈ, ટીવી બંધ કરી જોયું, પણ દરમિયાન સ્ક્રીન ઉપર તો સતત બક્ષીનો ચહેરો અને વ્યાખ્યાન ચાલુ જ રહ્યાં. ક્રોધ અને વિસ્મયના એક અદ્‌ભુત મિશ્રણથી બક્ષીએ ટીવી ખાતા ઉપર સસ્વર રોષ ઠાલવ્યો. પછી ક્રોધથી ટીવીના એક અફસર અરુણભાઈના ઘરનો ફોન જોડ્યો. ફોનની ઘંટડી વાગી અને અરુણભાઈએ ફોન ઉપાડ્યો. બક્ષીને ફોનમાં સંભળાયું કે અરુણભાઈને ત્યાં પણ એ જ પ્રોગ્રામ આવતો હતો. કંઈ વાત થાય એ પહેલાં લાઇન કપાઈ ગઈ. બક્ષીએ ઓપરેટરનો ફોન જોડ્યો. એમાં રેકોર્ડિંગ આવ્યું, અને

પછી તરત ટીવી ઉપર આવતું બક્ષીનું વ્યાખ્યાન પણ રેકોર્ડિંગમાં સંભળાયું. રાતના પોણા ત્રણ વાગી ગયા હતા. બક્ષીએ ધૂંધવાટથી બારીની બહાર નજર કરી જોઈ. આસપાસનાં મકાનોની બારીઓ અંધારી હતી, પણ એ બધામાં બક્ષીનો ચહેરો અને વ્યાખ્યાન ટીવી ઉપર આવતાં હોય એવું દરેક બારીમાં થતા ઝાંખા ઝબકારા ઉપરથી લાગ્યું. અને બક્ષીને ખ્યાલ આવ્યો કે પોતે પેટ પકડી, મોં દબાવી હસી રહ્યા છે.

બક્ષીને ખ્યાલ આવ્યો કે નીચેની પાનવાળાની દુકાને રેડિયો વાગે છે. રેડિયો પર પણ બક્ષીનું વ્યાખ્યાન આવે છે. બક્ષીએ પત્નીને ઉઠાડવા વિચાર કર્યો, પણ ખ્યાલ આવ્યો કે પત્ની અને પુત્રી સિક્કાનગર રોકાયાં છે. ઘરમાં પોતે એકલા છે. બક્ષીને ખ્યાલ આવ્યો કે આ આખી પરિસ્થિતિ એબ્સર્ડ છે, કદી બન્યું નથી તે બન્યું હોય એવું ભાસે છે. કદી બની ન શકે એ બન્યું છે તેમ બને છે. બક્ષીએ રેડિયો ખોલી જોયો. એ ખુલ્લો જ હતો. એની ઉપર પણ ટીવીનો જ પ્રોગ્રામ સંભળાતો હતો. બક્ષીએ સ્ટેશન બદલાવ્યાં, દિલ્હી, બીબીસી, વોઇસ ઓફ અમેરિકા, રેડિયો કુવૈત, કાંટો ફરતો ગયો, બેન્ડ બદલાતાં ગયાં અને અવાજ એનો એ જ રહ્યો. એક ક્ષણ બક્ષીને થયું કે એમને શરાબ ચિક્કાર ચઢી ગયો છે. પણ પછી ખ્યાલ આવ્યો કે શરાબ તો બે અઠવાડિયાંથી એમણે પીધો જ નથી. રાતના ત્રણ વાગી ગયા હતા. બક્ષીએ ચશ્માં સાફ કરી, ધ્યાનથી ટીવી ઉપર આવતું બક્ષીનું વ્યાખ્યાન સાંભળવામાં ચિત્ત પરોવ્યું. શૈલી, છટા અને વિચારોની તેજાબી અસરથી ચકિત થઈને બક્ષીએ પોતાની ચિબુકે હાથ મૂક્યો. ટીવી ઉપરના બક્ષી બોલતા હતા... "ગુજરાતી સાહિત્યમાં પણ એક માફિયા ટોળકીનું નેટવર્ક છે. એ માફિયા બંદૂક કે બોમ્બથી ત્રાસ ફેલાવતા નથી. એવી મર્દાના કૌવત તો એ પાપડીઆ પહેલવાનો બતાવી શકવાના નથી. ગુજરાતી માફિયાઓનું તો શસ્ત્ર છે એમની "મીડિયોક્રિટી'.

મેં ભારતની વિવિધ ભાષાઓનું સમસામયિક સાહિત્ય વાંચ્યું છે. ભારતભરના ઉચ્ચ કોટિના અદીબો સાથે મારે તું–તાંનો સંબંધ છે. મારા અનેક અફસાનાઓના અનુવાદ અનેક ભારતીય ભાષાઓમાં, ઇંગ્લિશ અને રશિયનમાં થયા છે. હું વિશ્વભરમાં ચાલતા સમસામયિક સાહિત્યપ્રવાહોથી પૂર્ણતયા પરિચિત છું. પણ ગુજરાતીમાં ચાલતી મીડિયોક્રિટીની બરોબરી કરી શકે એવું નિર્માલ્ય, નિર્વીર્ય અને વિનાશક વિવેચન મારી નજરે ચડ્યું નથી.

કંઈ પણ મૌલિક, કંઈ પણ આધુનિક, કંઈ પણ સશક્ત ગુજરાતીમાં લખાય તે તત્કાળ લુપ્ત થઈ જાય. તત્કાળ ભુલાઈ જાય અને એ માફિયાનાં પાંખાં, મીડિયોકર કવિતડાં, કહાણીઓ, અને લિસ્સી, ઘસાયેલી એકધારી નવલકથાઓનાં પ્રશસ્તિ કાવ્યો એમનાં જ્ઞાતિપત્રકોમાં છપાયાં કરે એવી એક 'બોલી' તે ટોળકીએ આપસ-આપસમાં કરી લીધી છે. કોઈ વાર એવી મૌલિક ચીજનું વિવેચન પણ થાય ત્યારે એ માટે પેટ્રોનાઇઝિંગ ટોનમાં સરાહનાનાં બે વાક્યોની સાથે શિખામણના બે પેરાગ્રાફ લખવાનું એ અભણ વિવેચકો ચૂકતા નથી. હું જૈફ, ષષ્ટિપૂર્તિની થેલીઓ પામેલા, દાંતનાં ચોકઠાંવાળા વિવેચકોની વાત નથી કરતો. હું તો એ ધોતિયા-પેઢીની ખુશામદ અને ચાપલૂસી કરી, શેઠોના સમારંભો યોજી ટ્રસ્ટો, પરિષદો અને જ્ઞાતિપત્રકોનાં સત્તાસ્થાનોએ આવેલી પાટલૂન પેઢીના ગેન્ગસ્ટરની વાત કરું છું. એ અર્ધનારીનટેશ્વર ગુજરાતી સાહિત્ય ઉપર સવાર થઈ બેઠા છે. એમના અંગત સ્વાર્થને, પોતાનાં સત્તાસ્થાનોને જાળવી

રાખવાનાં સાધનો છે ‘ચાપલૂસી’ અને – ‘મીડિયોક્રિટી’. એ વિવેચકો નથી, તસ્કરો છે. એમની વ્યવસ્થિત કાવતરાબાજીના પરિણામે આજે બકુલેશ કે જયંત ખત્રી જેવા સશક્ત વાર્તાકારે નિર્વંશ મર્યા છે. એમની પદ્ધતિસરની ગલીચ ઝુંબેશના નતીજારૂપે અનેક મેધાવી કલમો બંધ પડી છે...”

સોફા ઉપરથી બક્ષી ફરી ઊભા થઈ ગયા. અજબ તમાશો હતો. ટીવી ઉપરના સ્ક્રીન પર એમનો જ ચહેરો હતો, એમનાં જ વાક્યો હતાં, પણ આવું વ્યાખ્યાન એમણે ક્યારેય આપ્યું હોય એ યાદ જ આવતું નહોતું. વ્યાખ્યાનમાં આગળ ઉપર બક્ષી કોઈ નવી નવલકથા વિષે વાત કરતા હતા. એ નવલકથા સોફા ઉપરના બક્ષીએ વાંચી નહોતી. એવી નવલકથા લખાઈ નહોતી. ડિઝનીલેન્ડના કોઈ રાક્ષસી ગતિથી ચાલતા ચકડોળમાં બેસતાં પેટમાં ફાળ પડે એવી ફાળ બક્ષીને પડી અને એ પૂરપાટ ગોળ ફરતા ચકડોળમાં સખત હસવું આવે એવું હસવું બક્ષીને આવ્યું. શું બની રહ્યું છે એ બિલકુલ સમજાતું નહોતું. બની રહ્યું હતું એ એટલું અદ્ભુત હતું કે બક્ષીને એકલાં-એકલાં સખત હસવું આવતું હતું.

ટીવી ઉપરના બક્ષી જોર-શોરથી, હિન્દી, ઉર્દૂ, અમેરિકન, સંસ્કૃત અને રશિયન શબ્દો સાથે ભવાં ઊંચકી, હાથ પછાડી, આંખો અને ભમ્મરો સંકોચી ન લખાયેલી એક નવલકથા વિષે બોલી રહ્યા હતા. સોફા ઉપરના બક્ષી એ જોઈને પેટ પકડીને હસી રહ્યા હતા, અને ઈ.સ. ૧૯૮૫ના જાન્યુઆરીના એક શનિવારની વહેલી પરોઢનું એ અવાસ્તવિક દશ્ય ઈ.સ. ૧૯૯૫ના એક જાન્યુઆરીના રવિવારની સવારે વાસ્તવિક રીતે મુંબઈ ટીવીના ‘મસ્તી કા આલમ’ નામે સાહિત્યિક વાર્તાલાપમાં રજૂ થઈ રહ્યું હતું. દસ વર્ષ પછી ભજવાશે તે દશ્ય ચંદ્રકાન્ત બક્ષી સોફા ઉપર બેસીને ભૂતકાળમાં જોઈ રહ્યા હતા અને ખડખડાટ હસી રહ્યા હતા.

ભવિષ્યમાં બનતી આ કથાને ભૂતકાળમાં ટ્રાન્સમીટ કરવાનો ડો. કામદારનો પ્રયત્ન સફળતાથી નજીક આવી રહ્યો હતો. ડો. કામદાર એ દશ્ય પોતાના ટીવી ઉપર એ જ ક્ષણે જોઈ રહ્યા હતા.

•

સવારના પાંચ વાગ્યે બક્ષીની આંખ ફરી ખૂલી ગઈ. ફોનની ઘંટડી વાગતી હતી. બક્ષીએ આંખો ચોળી. ટીવી તરફ જોયું, બધું તદ્દન શાંત હતું. રાત્રે જોયેલું ટીવીનું દશ્ય સાચું હતું કે સ્વપ્ન હતું એનો ખ્યાલ આવ્યો નહીં. બક્ષીએ ફોન ઉપાડ્યો. ફોન અમેરિકાથી હતો. બક્ષીનો એક કલકત્તાનો મિત્ર વર્ષોથી લોસ એન્જલસમાં સ્થાયી થયો હતો. દોસ્તનો અવાજ સાંભળી ફરી બક્ષીને તાજ્જુબ થયું.

“નવલકથા કેવી જાય છે?” દોસ્તે પૂછ્યું.

‘ફર્સ્ટ ક્લાસ, ટેરિફિક!” બક્ષી બોલ્યા. બોલ્યા પછી ખ્યાલ આવ્યો કે કઈ નવલકથા, શાની વાત?

દોસ્તનો દુનિયાના બીજે છેડેથી આવતો અવાજ ખૂબ સ્પષ્ટ અને ઘેરો સંભળાતો હતો. દોસ્ત પણ બક્ષીની જેમ એક જમાનામાં કલકત્તામાં વાર્તાઓ લખતો હતો. બેત્રણ ચોપડીઓ લખી એ

અમેરિકા નાસી ગયો હતો. દોસ્ત બક્ષીને લાંબા પત્રો લખતો. વતનની વાત લખતો. માટીની ગંધ ને એવી બધી સેન્ટિમેન્ટલ વાતોની બંસરી બજાવતો. વર્ષોથી લખવાનું એણે બંધ કરેલું.

છેલ્લે-છેલ્લે દેશમાં બનતી ઘટનાઓથી એ જાગતો પડી રહેતો. મિત્રોને ખબરઅંતર પૂછતા પત્રો લખ્યા કરતો. બક્ષીને એની એ સેન્ટિમેન્ટાલિટી ઉપર રમૂજ થતી.

અને ફોન ઉપર દોસ્ત કહેતો હતો કે નવલકથા લખાય છે, પણ જાણે આપોઆપ લખાય છે. દોસ્ત કહેતો હતો કે એને પોતાને બિલકુલ ખ્યાલ ન હોય એવા વિષયોની ચર્ચા જાણે આપોઆપ એની કલમ વડે થાય છે. દોસ્ત કહેતો હતો કે એને લાગે છે કે કોઈ એના હાથનો ઉપયોગ કરે છે. દોસ્ત કહેતો હતો કે એને લાગે છે કે સ્વપ્નમાં કોઈ એના કાન ભંભેરી જાય છે. દોસ્ત કહેતો હતો કે કથા જાણે વ્યાસભગવાન રચે છે અને પોતે વિનાયકની જેમ કેવળ એને લિપિમાં લખવાનું કામ કરે છે. દોસ્તનું બોલવાનું પૂરું થતું નહોતું, વચ્ચે-વચ્ચે દોસ્ત ગળગળો થઈ જતો હતો.

બક્ષીએ પાંચ-સાત વાર પોતાના વાંકડિયા વાળ પસરાવ્યા. ચૌડી પેશાની ઉપર હાથ રેંગાવ્યો. બક્ષીને બિલકુલ સમજાતું નહોતું કે દોસ્ત શાની વાત કરે છે, કઈ નવલકથા લખે છે? અને એ વિષે દોસ્ત બક્ષીને કેમ પૂછે છે? પણ બક્ષી હા, હા, કર્યે જતા હતા. દોસ્તને પ્રોત્સાહન આપ્યે જતા હતા.

“બક્ષી? એવું બને કે કોઈ આપણા મગજ ઉપર સવાર થાય? અને આપણા અનુભવો, આપણા મિત્રોને ચોરી એમના વડે કોઈ કથા આપણી પાસે રચાવે? બક્ષી, આપણા દેશનું શું થવાનું છે?” ઉત્તરમાં કાંઈ કહેવાનું બક્ષીને સૂઝ્યું નહીં. એટલે ફોનમાં સંભળાય એ રીતે બક્ષી હસી પડ્યા અને ફરી એમની આંખ મળી ગઈ. બક્ષી ફરી જાગ્યા ત્યારે રવિવારનો તડકો એમના ત્રિકોણાકાર નાક પર ટકોરા મારતો હતો.

•

અને એ રીતે આ કથામાં છેલ્લું પાત્ર પ્રવેશે છે કથાકાર. એ કથાકાર બક્ષી કે એનો સેન્ટિમેન્ટલ દોસ્ત નથી. કથાકાર છે ડો. કામદારનું અદ્‌ભુત કલનયંત્ર કમ્પ્યૂટર કલ્પતરુ. ડો. કામદારે કમ્પ્યૂટરમાં પોતાના અનુભવો, પોતાના વિચારો અને અટકળો નોંધ્યાં છે. ડો. કામદારે કમ્પ્યૂટરને ગુજરાતી ભાષાનું વ્યાકરણ, જોડણી અને રૂઢિપ્રયોગો શીખવ્યા છે. ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, સંસ્કૃત, અંગ્રેજી ભાષાનાં અસંખ્ય પુસ્તકો ડો. કામદારે કમ્પ્યૂટરને વંચાવ્યાં છે. ડો. કામદારે પોતાનું વ્યક્તિત્વ, પોતાનું જ્ઞાન અને પોતાની ચેતના કમ્પ્યૂટરમાં રોપ્યાં છે. ડો. કામદારે પોતાની લાગણીઓ, આવેશો, સ્વપ્નો એ નિર્જીવ વસ્તુમાં આરોપ્યાં છે અને એ અચેતન પદાર્થમાં ‘પ્રાણપ્રતિષ્ઠા’ કરી છે.

કથાકાર કમ્પ્યૂટર એ સઘળું સામસામા ગોઠવેલા કાચ સામે ફરતા બંગડીના રંગીન કટકાઓની જેમ પોતાના બ્રેઇનમાં ગોળગોળ ફેરવી એની વિવિધ નકશીઓ ઊપજાવે છે, પ્રકરણો, પરિચ્છેદો, પ્રસંગો ગોઠવે છે, બદલે છે, કળાનાં ચોરસ ચીતરી લંગડીપગે આગળ ને પાછળ ઠેકા લે છે અને ગોઠવે છે એક કથા. ડો. કામદાર એ સર્જનને મુગ્ધતાથી ધારીધારીને

જોઈ રહે છે. ડો. કામદાર મુગ્ધતાથી એમના નિમિત્તથી થતા એ સર્જનના પરમ સર્જક વિષે વિચારે છે અને કલ્પે છે કે એને જ ઉપાસકો ઈશ્વર ગણતા હશે. હવે કથા કહેવા માટે ભૂતકાળના એક કલ્પનાશીલ માણસના મગજ ઉપર કબજો કરવાનો છે. એનાં સ્વપ્નો ઉપર છવાઈ એના હાથે ભૂતકાળમાં એ કથા કહેવાય એ માટેનો આખરી પ્રયોગ કરવાનો છે. અને ડો. કામદારનું સક્ષમ કલનયંત્ર કમ્પ્યૂટર એવો કલ્પનાશીલ માણસ શોધી ચૂક્યું છે.

રેતીકણમાંથી નીપજેલા, વિદ્યુતના અગન-નાચથી ઝળકેલાં કમ્પ્યૂટરના બ્રેઇનમાં સામસામા ગોઠવેલા અદશ્ય આયનાઓમાં, બંગડીના રંગીન કટકા સમાં પાત્રોપ્રસંગો ફરી ગોળગોળ ફરે છે. ફરી સમયકાળની શીશીમાં અવળા ક્રમે રેતી ઉપર ચડે છે અને કથાપ્રવાહના કેમેરાનો બિલોરી લેન્સ એક નિયત સમયની નિશ્ચિત ઘટના ઉપર ફોકસ કરે છે અને દર્શાવાય છે અમેરિકામાં કેલિફોર્નિયા રાજ્યમાં વિયા મારીસોલ મુકામે આવેલી દુર્ગ જેવી સુરક્ષિત સીસીએમના સ્થાપક-ચેરમેન ડો. કાર્લ હાનસેનની ઓફિસ, મેરી અને પ્રા. નિરંજન ભગત.

•

“તમે ડો. સામ ગોર્ડનના મોતનું રહસ્ય જાણવા આવ્યા છો, ખરું?” ડો. હાનસેન પ્રા. ભગતને પૂછે છે.

કચકચાવીને ભીડેલા દાંતમાંથી પ્રા. ભગતનો ઉત્તર સંભળાય છે, “ય સ્ સ્ સ્”

મેરીની પિસ્તોલ સિક્યોરિટી ગાર્ડે લઈ લીધી છે. ઓરડામાં ત્રણે એકલાં છે. ડો. કાર્લ હાનસેન આ કથાનું આખરી રહસ્ય છતું કરે છે. એ રહસ્ય ઉપન્યાસ-વિન્યાસની કથોપકથન વિધિથી હવે પછીનાં પ્રકરણોમાં સ્ફુટ થશે.

•

ડો. કામદારે તુરંગના સળિયા પાછળ પુરાયેલી ફ્લોરાને જોયા કરી. દૈવ પણ જેને કળી શકતું નથી એવા સ્ત્રીના ચરિત્ર વિષે ડો. કામદાર મનોમન સંસ્કૃતમાં સ્વગતોક્તિ કરે છે. કોઈએ એ બંનેને એક ઓરડામાં બેસાડ્યાં.

ડો. કામદારની સામે આંખ માંડીને ફ્લોરાએ કહ્યું, “તમને થશે કે હું કેટલી હલકી વ્યક્તિ છું.”

“મને થાય છે, દુનિયા કેટલી હલકી જગ્યા છે.” ડો. કામદારે કહ્યું, “હું જ્યારે વિચાર કરું છું દુનિયાભરમાં ફેલાયેલી જાસૂસોની જાળનો – ત્યારે થાય છે કે દુનિયા કેટલી હલકી જગ્યા છે!”

“કઈ રીતે?”

“જે જગતમાં માણસને આટલા હલકા થવું પડે, જે જગતમાં માણસ આટલી હદે બનાવટ કરી શકે, આટલાં જુઠ્ઠાણાં જીવી શકે, એ દુનિયા કેવી જગ્યા કહેવાય?”

“હું વાત કરવા માગું છું.” ફ્લોરાએ ગર્વપૂર્વક કહ્યું, “હું માફી ચાહવા નથી માગતી.”

“એવો મારો ભાવાર્થ નથી.”

"હું કોણ છું, શા માટે મેં જે-જે કર્યું વગેરે કહેવાનો હવે કોઈ અર્થ નથી." ફ્લોરા બોલી, "તમે કહ્યું એમ મેં જુઠ્ઠાણાંનાં અનેક બખ્તરો પહેરી જિંદગી ગુજારી છે, પણ એ જુઠ્ઠાણાંની મને શરમ નથી. એ બખ્તરો પોતપોતાની રીતે બધાં પહેરે છે. એ જુઠ્ઠાણાંનાં બખ્તર આપણને એકબીજાથી અને પોતાની જાતથી રક્ષે છે, ડો. કામદાર. માણસ પશુમાંથી માણસ બન્યો છે ત્યારથી એ જુદીજુદી ઓળખનાં જુઠ્ઠાણાં ઓઢીને ફરે છે. મોટી માછલી નાની માછલીને ગળી જાય એ જ સૃષ્ટિનો ક્રમ છે. એટલે બધી માછલીઓ મોટી માછલી બનવા એવાં બખ્તર પહેરી ફરે છે. એ સૃષ્ટિનો જ ક્રમ છે. તમે એમાં કંઈ ફેર નહીં કરી શકો."

અને એ પછી ફ્લોરા અસંબદ્ધ, અર્થ વિનાનું ઘણુંઘણું બોલી ગઈ. ડો. કામદારને સમજાયું કે ફ્લોરાના મગજને કોઈએ ફેંદી નાખ્યું છે. ફ્લોરાનું મગજ ભયાનક ઝડપથી તૂટી રહ્યું છે. ફ્લોરાનો દેહ ખતમ કરવાના સ્થાને એના 'હત્યારાઓ'એ એના મગજને ખતમ કરી નાખ્યું છે. થોડા જ સમયમાં એ વ્યક્તિ કેવળ એક પ્રાણીની જેમ જીવશે. એ પ્રાણી જેલમાં હોય, પાગલખાનામાં હોય કે કબરમાં હોય એની એને કે કોઈને પડી નહીં હોય. હિંસાની એ અનોખી રીતથી ડો. કામદાર ખિન્ન થઈ ફ્લોરાને જોઈ રહ્યા. ફ્લોરા હસી પડી.

"તમને થાય છે કે હું પાગલ થઈ ગઈ છું, ખરું ને?"

ડો. કામદાર ચૂપ રહ્યા.

"તમે માનો છો કે તમે માણસ છો, ડો. કામદાર! તમે માનો છો કે તમે સૃષ્ટિનો ઉદ્ધાર કરવાના છો! પણ તમે અને તમારાં રમકડાં, તમે અને તમારા બાલિશ વિચારો, તમે અને તમારી વિશ્વશાંતિની, વિશ્વસરકારની, પૃથ્વીના એક રાષ્ટ્રત્વની આખી કલ્પના કોઈ મૂર્ખ, વેવલા, સેન્ટિમેન્ટલ અને તમામ રીતે હારેલા ન્યૂરોટિક અને વેદિયા માણસની 'વોલ્ટર મિટી' કલ્પનાઓ સિવાય કંઈ નથી." ફ્લોરા સાફ અમેરિકન અંગ્રેજીમાં બૂમો પાડી-પાડીને બોલતી રહી અને પછી કોઈ આવીને એને ફરી જેલમાં લઈ ગયું.

•

ચંદ્રકાન્ત  બક્ષીની આંખ ફરી ખૂલી ગઈ. ફરી ફોનની ઘંટડી વાગતી હતી. બક્ષીએ ફરી ફોન ઉપાડ્યો. ફરી એમનો સેન્ટિમેન્ટલ દોસ્ત પૃથ્વીને પેલે પારથી એના ડુંગર જેવા તોતિંગ અવાજમાં પોતાની લખાતી નવલકથા વિષે બોલતો હતો. ફરી બક્ષીને થયું, એમને શરાબ ચઢ્યો છે અને ફરી યાદ આવ્યું, ઘણા સમયથી પીધું જ નથી.

"બક્ષી? કંઈ સમજાતું નથી. દિવસોના દિવસો સુધી કથાનું કથાનક મગજ ઉપર સવાર રહે છે અને પછી એ બુખાર અચાનક ઊતરી જાય છે." કઈ કથા, શી વાત? બક્ષી મનોમન વિચારમાં ચડી ગયા. એમને થયું કે અમુક ઉંમરે માણસનું મન કન્ફ્યૂઝ થઈ જતું હોય છે. એકની એક વાત વારંવાર કરતા અનેક વૃદ્ધો, પોતાની જુવાનીમાં લખેલી નવલકથાનાં પુરાતન વિવેચનોનાં કટિંગ ફરી-ફરી વાંચ્યા કરતા અનેક લેખકોને બક્ષી ઓળખતા હતા. એકાએક એમને શંકા થઈ કે કદાચ એમને પણ એવો જ ચિત્તભ્રમ થયો છે.